ગાંધીનગર સમાચાર Regd. No. GNR/65-G0

# શિક્ષા સંસ્કૃતિ ઉત્થાન ન્યાસ

તેમજ

# ઈન્ડીયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટીચર એજ્યુકેશન

॥ न हि ज्ञानेन सदृशं पवित्रमिह विद्यते ॥

સંયુક્ત ઉપક્રમે આયોજિત

# જ્ઞાનોત્સવ-૨૦૧૮





## દેશ બદલવો છે - શિક્ષણ બદલીએ

● ભારતીય મૂલ્યો સાથે શિક્ષણ અપાવું જોઈએ : મનમોહન વૈદ્ય ●

● મા-માતૃભૂમિ અને માતૃભાષાનો કોઈ વિકલ્પ નથી : અતુલ કોઠારી ●

● શિક્ષણમાં આમૂલ પરિવર્તન માટે ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટીચર એજ્યુકેશન કાર્યરત છે : ડો. શશીરંજન યાદવ ●







તારીખ ૧૫ ડીસેમ્બર ૨૦૧૮ ગાંધીનગર ના આઇ.આઇ.ટી. ઈ. કેમ્પસ પર સવારથી જ પ્રયોગશીલ શિક્ષકો અને વિદ્યાર્થીઓની ચહલ પહલ જોવા મળી રહી હતી. આ તમામ શિક્ષકો અને વિદ્યાર્થીઓ શિક્ષણ સંસ્કૃતિ ઉત્થાન ન્યાસ તેમજ ઈન્ડીયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટીચર એજ્યુકેશનના સંયુક્ત ઉપક્રમે આયોજિત બહુભાષીય તેમજ બહુ વિષયક બૃહદ વિચાર મંથન હેતુ એકત્રિત થયા હતા. આ પરિસંવાદની શરુઆત હેમચંદ્રાચાર્ય ગુરુકુલ પાઠશાળાના વિદ્યાર્થીઓ દ્વારા પ્રસ્તુત સરસ્વતિ વંદના તથા SGVP International School, સંસ્કૃત પાઠશાળાના વિદ્યાર્થીઓ દ્વારા બોલાયેલ વૈદિક મંત્રોચ્ચાર સાથે એક પવિત્ર વાતાવરણમાં થઇ હતી.

કાર્યક્રમની શરુઆતમા યજમાન વિશ્વવિદ્યાલયની વિવિધ શ્રેષ્ઠતમ પ્રવૃત્તિઓ તેમજ આવનાર સમયમા વિશ્વવિદ્યાલયની ભુમિકા સ્પષ્ટ કરતુ વકતવ્ય વિશ્વવિદ્યાલયના ડીન શ્રી બી.એસ. પટેલ દ્વારા આપવામા આવ્યુ હતુ. ત્યાર બાદ ન્યાસના પ્રાંત સંયોજક શ્રી જયેંદ્રસિંહ જાદવ દ્વારા ન્યાસની રાષ્ટ્રીય ઉપસ્થિતિનુ મહત્વ સ્પષ્ટ કરતુ ઉદબોધન રજુ કરવામાં આવ્યું. સાથે સાથે શ્રી અતુલ કોઠારી દ્વારા લીખિત તેમજ શ્રી ડો. જાદવ દ્વારા અનુવાદિત પુસ્તક “શિક્ષણમાં નવા વિકલ્પનુ પ્રારૂપ”નુ વિમોચન મંચસ્થ મહાનુભાવોના હસ્તે કરવામા આવ્યુ હતુ.

વિશેષ ઉપસ્થિતિ સાથે શિક્ષણ સંસ્કૃતિ ઉત્થાન ન્યાસના રાષ્ટ્રીય સચિવ શ્રી અતુલભાઇ કોઠારી તેમજ આઇ. આઇ.ટી.ઇ.ના કુલપતિશ્રી પ્રોફ. ડો. શશીરંજન યાદવના પ્રાસંગિક વક્તવ્ય અને અધ્યક્ષીય ઉદબોધન દ્વારા વિષયનુ હેતુલક્ષી ચિંતન સમગ્ર ઉપસ્થિતોની સમક્ષ રજુ કરવામા આવ્યુ હતુ. આઇ.આઇ.ટી.ઇ. ગાંધીનગરના કુલપતિશ્રીએ પોતાના વક્તવ્યમા શિક્ષણમા ભારતીય મુલ્યો તથા માતૃભાષાની આવશ્યકતા ઉપર ભાર મુકતા જ્ઞાનની સમુચિત અનિવાર્યતા ઉપર મહત્વના મુદ્દાઓ ઉપર ચર્ચા કરી હતી. તેમજ ભારતીય શાસ્ત્રોમાં વર્ણવેલ ૬૪ કળાઓને યુગાનુકુલ સ્વરુપ સાથે આઇ.આઇ.ટી.ઈ.ના પાઠ્યક્રમમાં કેવી રીતે સફળતા પુર્વક અમલમા મુકવામા આવી છે તેની વિસ્તૃત માહિતિ આપી હતી.

ન્યાસના રાષ્ટ્રીય સચિવ શ્રી અતુલ કોઠારીજી એ ન્યાસના ધ્યેય વાક્ય સમાન એવા સુત્ર “ દેશ કો બદલના હે તો શિક્ષા કો બદલો” ને યથાર્થ કરવા ન્યાસ દ્વારા કરવામા આવતા અલગ અલગ પ્રયાસોને નક્કર અને પરિણામરુપ એવા પ્રયોગોની ચર્ચા કરી હતી. વધુમા તેઓએ જ્ઞાનોત્સવના મહત્વના ઉદ્દેશ્યને વિચારો તથા પ્રયોગોના આદાન પ્રદાન તેમજ સમાજ તરફી કાળજી વ્યવહાર ને અમલમા મુકવા ઉપર ભાર મુક્યો હતો. ત્યારબાદ તેઓનુ મહત્તમ આગ્રહ રાખ્યો કે સમસ્યા નહી પણ સમાધાનની ચર્ચા કરો અને સમાધાન માટેના પ્રયલો કરો. બંને મહાનુભાવો દ્વારા મા, માતૃભૂમિ અને માતૃભાષાનો કોઇ વિકલ્પ નથી તે વિચાર




ને શ્રોતાઓમા વહેતો કર્યો હતો.

ઉદઘાટન સમારોહના સમાપન પશ્ચાત જ્ઞાનોતસ્વ પ્રદર્શની સૌ માટે ખુલ્લી મુકવામા આવી કે જેમા ૧૦૦ થી વધુ શૈક્ષણિક સંસ્થાઓ દ્વારા તેઓની વિવિધ પ્રવૃત્તિઓનુ પ્રદર્શન રજુ





કરવામા આવ્યુ હતુ.

ભોજન વિરામ બાદ સંચાલકોની ચિંતન બેઠકનો પહેલો ઉપક્રમ શરુ કરવામા આવ્યો હતો કે જેમા શ્રીકથનભાઇ દ્વારા કેટલાક કેસ સ્ટડીઝ ને અધિકૃત પ્રમાણ સાથે રજુ કર્યા. તેમજ “Dominant Pedagogy”, “Classroom Management” તેમજ “Cold Calling” જેવા વિષયો પર ચિંતન કર્યુ હતુ. તેઓશ્રીએ ભવિષ્યમા ઇ-સ્કુલિંગ ના વધતા ચલણને પણ ભાખવાનો પ્રયલ કર્યો હતો. શ્રીમતી રેણુ શેઠ દ્વારા United Nations દ્વારા રજુ કરાયેલ SDG તેમજ Innovative Skillsની આવશ્યકતા તેમજ પ્રયોગોને ભારતીય પરિપ્રેક્ષમા રજુ કરવાનો પ્રયલ કર્યો. ત્યારબાદ શ્રી અતુલકોઠારીજી એ ભારતીય શિક્ષણ વ્યવસ્થામા અભ્યાસક્ર્મોમા ફેરફાર અંગે જરુરી સુચનો અભિવ્યક્ત કર્યા તથા અંતિમવાદી વિચારો ને અટકાવવાની હિમાયત કરી.

શારદાવિદ્યામંદિર ઝાબુઆના સંચાલકશ્રી ઓમપ્રકાશ શર્મા તથા યુનીક ઇંટરનેશનલ સ્કુલ, ઇડરના સંચાલકશ્રી જસવંતભાઇએ તેઓની શાળામા યથાર્થ થયેલ પ્રયોગો તેમેજ તેના પરિણામો પર સવિસ્તાર ચર્ચા કરી હતી. ત્યારબાદ શ્રી દિપકભાઇના સંચાલન હેઠળ ૭ અલગ અલગ વિષયો પર શિક્ષણ મંથન કરવામા આવ્યુ હતુ. જેમા પર્યાવરણ, ટેક્નોલોજી, કૌશલ્ય, સાક્ષરતા, ભારતીયતા વગેરે પર એક પેનલ ડીસકશન કરવામા આવ્યુ હતુ. જેમા ઝઈઇ્ના શ્રી જયેશભાઇ જોશી, યુવા ઇજનેર ધ્રુવ સાઇદેવા, લોકભારતીના પુર્વનિયામક શ્રી કુમુદભાઈ ઠાકર તેમજ જયેંદ્રસિંહ જાદવ પણ સહભાગી થયા હતા.

મુખ્ય વકતા રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના સરસહકાર્યવાહ શ્રી મનમોહન વૈદ્ય કે જેઓ ન્યુક્લીયર કેમેસ્ટ્રીમા ડોક્ટરેટની ઉપાધિ મેળવેલ છે, તેઓના ઉદબોધનમાં મુખ્યત્વે ૪ મહત્વની બાબતોને આવરી લેવામા આવી, જેમકે શુ ભણાવવુ જોઇએ? શરુઆતથી વિદ્યાર્થીઓને ભારત ભણાવો અને તેની અનુભુતિ કરાવો. ધર્મ શુ છે તે જણાવતા તેમણે કહ્યુ કે “Dharma connects to a larger unit” જેના પર મંથન કરવાની ખુબ આવશ્યકતા છે. તેઓએ જગતના હિતને આત્માનો મોક્ષ જણાવ્યો. તેમજ ભારતના વિવિધ પ્રદેશોના કિસ્સામા પ્રામાણિકતા તેમજ ભારતીયતાના મુલ્યોના જીવંત ઉદાહરણો આપ્યા. તેમણે ધ્યેય ને સમજાવતા સાધન અને સાધ્યનો વિવેક સમજાવ્યો. તેજ પેનલ મા ડો. શશીરંજન યાદવ દ્વારા ખુબ જ હળવાશમા પણ વિદ્વતા સભર અસરકારક શૈલીમા આઇ.આઇ.ટી.ઈ કે જે એક શિક્ષણ તાલીમ સાથે જોડાયેલી સંસ્થા છે તેમા એક એડ્યુકેટર ચિંતન સાથે લાગુ પાડવામા આવેલ તમામ મહત્વના પ્રયોગો તેમજ અનુભવ સિદ્ધિને અભિવ્યક્ત કર્યા હતા.

તમામ અપેક્ષિત પરિણામો અને ચર્ચા વિચારણા સાથે જ્ઞાનોત્સવના પ્રથમ દિવસનું સફળતા પુર્વક સમાપન કરાયું હતું.

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com